સુરત પાલિકાના સીટી બસનો દરવાજો લોક થતા મુસાફરો ડ્રાઈવર કેબિનમાંથી નીકળ્યા

અડાજણ ઋષભ ચાર રસ્તા પાસે સીટી બસનો દરાવાજો ખોટકાઈ સેન્ટ્રલ લોક થઈ જતાં મુસાફરોમાં ગભરાટ : જો બસમાં આગ લાગી કે અકસ્માત થાય તો શું થાય તેની કલ્પના જ કરવી મુશ્કેલ

સુરત,

સુરત પાલિકા દ્વારા શહેરમાં સામુહિક પરિવહન સેવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે પરંતુ પાલિકાની સીટી અને બીઆરટીએસ બસના ઓપરેટરોની લાપરવાહીના કારણે સામુહિક પરિવહન સેવા વિવાદમાં આવી રહી છે. આ પહેલાં ડ્રાઈવર કન્ડક્ટર કારણે વિવાદ થયો હતો. આજે પાલિકાની બસના મેઈન્ટેનન્સના મુદ્દે મોટો વિવાદ થયો છે. પાલિકાની બસનું મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થતું ન હોય આજે એક બસમાં મુસાફરી કરતા મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા. સુરતના અડાજણ ઋષભ ચાર રસ્તા પાસે સીટી બસનો દરવાજો ખોટકાઈ સેન્ટ્રલ લોક થઈ જતા મુસાફરોમાં ગભરાટ ફેલાયો હતો ત્યાર બાદ ગભરાયેલા મુસાફરોએ ડ્રાઈવર કેબિનમાંથી બહાર નીકળવું પડ્યું હતું.

પાલિકા સામુહિક પરિવહન સેવા વિસ્તારવા સાથે સાથે પર્યાવરણનો ખ્યાલ રાખી ઈલેક્ટ્રિક બસ સતત વધારી રહી છે. ૨૦૨૫ સુધીમાં સુરત પાલિકાના તમામ બસ સીટી બસ હોય તેવું આયોજન થઈ રહ્યું છે. જેના અનુસંધાને છેલ્લા ચાર મહિનામાં સુરતમાંથી ૩૪૦ ડીઝલ બસ ખસેડી લેવામાં આવી છે. હજી પણ સુરતમાં ૪૨૫ જેટલી ડીઝલ બસ સીટી અને બીઆરટીએસ રૂટ પર દોડી રહી છે તેને વર્ષ ૨૦૨૫ ના અંત સુધીમાં ઓપરેશનમાંથી દુર કરીને તેની જગ્યાએ બસ મુકવા માટે કવાયત થઈ રહી છે. જોકે, હાલ જે સીટી બસ દોડી રહી છે તેના ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સ યોગ્ય રીતે થતું ન હોય તેવો આક્ષેપ આજની ઘટના પરથી થઈ રહ્યો છે. સુરત પાલિકાની સીટી બસમાં અત્યાર સુધી અનિયમિત હોવા સાથે ટિકિટ ચોરી થતી હોવાની ફરિયાદ હતી પરંતુ આજે અડાજણ વિસ્તારમાં ઋષભ ચાર રસ્તા પરથી પસાર થતી એક બસ ખોટકાઈ ગઈ હતી. બસ બંધ થયા બાદ ડ્રાઈવરે બસ ચાલુ કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેમાં સફળતા મળી ન હતી. ત્યારબાદ મુસાફરોને ચઢવા ઉતરવાનો દરવાજો છે તે સેન્ટ્રલ લોક થઈ ગયો હતો. મુસાફરો દરવાજાથી ઉતારવાનો પ્રયાસ કરતા હતા પરંતુ દરવાજો ખુલ્યો ન હતો તેથી મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતા. દરવાજો ન ખુલતા મુસાફરો ગભરાઈ ગયા હતા ગભરાયેલા મુસાફરોએ બહાર નિકળવા માટે ભારે ધમપછાડા કર્યા હતા પરંતુ દરવાજો ખુલ્યો જ ન હતો. દરવાજો ન ખુલતા ડ્રાઈવર કેબિનનો દરવાજો ખોલીને મુસાફરો એક બાદ એક બહાર નીકળ્યા હતા.

વડોદરાનો પૂર્વ ક્રિકેટર મંદિરને દાનમાં મળેલા ૨ કરોડ રૂપિયા ચાંઉ કરી ગયો

વડોદરા,

વડોદરાના પૂર્વ ક્રિકેટર ઋષિ અરોઠેના મકાનમાંથી રૂ.૧.૩૯ કરોડની રોકડ મળવાના ચકચારી બનાવમાં તપાસ કરતી એસઓજીને મહત્વની વિગતો હાથ લાગી છે.પૂર્વ ક્રિકેટર ઋષિએ કોટાના સ્વામિનારાયણ મંદિરના દાનના રૂ.૨ કરોડ રોકડા નાસિક મોકલવાનું કામ હાથમાં લઈ તમામ રકમ વગે કરી દીધી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે.

વડોદરાના પ્રતાપગંજ માં જે-૧ ટાવર ખાતે રહેતા પૂર્વ ક્રિકેટર તુષાર અરોઠેને ત્યાં એસઓજીના પીઆઇ વી એસ પટેલ અને ટીમે તાજેતરમાં દરોડો પાડી રોકડા રૂ.૧.૩૯ કરોડ કબજે કર્યા હતા.આ રકમ તુષારના પુત્ર ઋષિ અરોઠેએ નાસિકના એચએમ આંગડિયામાંથી મોકલી હોવાની વિગતો બહાર આવતાં પોલીસે ઈન્કમટેક્સ વિભાગને જાણ કરી હતી.

પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે આ પ્રકરણના મૂળ સુધી જવા માટે એસઓજીને સૂચના આપતાં તેમની તપાસ દરમિયાન કેટલીક ચોંકાવનારી વિગતો ખૂલી છે.જેમાં પૂર્વ ક્રિકેટર ઋષિ અરોઠેએ સાળંગપુરના કષ્ટભંજન દેવ મંદિરે નવેમ્બર-૨૦૨૩માં યોજાયેલા શતામૃત મહોત્સવ માટે રાજસ્થાનના કોટા સ્થિત વડતાલ સ્વામિનારાયણ મંદિરે આવેલી રૂ.૨ કરોડના દાનની રકમ કોટાથી નાસિક સ્વામિનારાયણ મંદિરમાં ટ્રાન્સફર કરવાનું કામ હાથમાં લઈ તમામ રકમ વગે કરી હોવાનું બહારઆવ્યું છે.

પોલીસને મળેલી પ્રાથમિક માહિતી મુજબ,કોટા સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં સાળંગપુર મહોત્સવ માટે એકત્રિત થયેલી દાનની રકમ કમિટિના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શશાંકભાઇએ એક મિત્રના માધ્યમથી ઋષિ અરોઠે મારફતે નાસિક મોકલવાનું કામ સોંપ્યું હતું.જેથી પોલીસ સીએ તેમજ અન્ય લોકોની પૂછપરછ કરનાર છે.રૂ.૨ કરોડના દાનની રકમમાંથી ઋષિ અરોઠેએ રૂ.૧.૪૦ કરોડની રોકડ તેના ઘેર મોકલી હતી.જેમાંથી આંગડિયાના ખર્ચની રકમ કપાતાં રૂ.૧.૩૯ કરોડ તેના પિતા તુષાર અરોઠેના હાથમાં આવ્યા હતા.

કોટા સ્થિત વડતાલ સ્વામિનારાયણ મંદિરને મળેલી રૂ.૨ કરોડના દાનની રકમ નાસિક સ્થિત સ્વામિનારાયણ મંદિરને મોકલવા માટે આંગડિયાનો ઉપયોગ થયો હતો.ઋષિ અરોઠેએ આંગડિયા મારફતે મોકલેલી રૂ.૨કરોડની રકમનો નાસિકના આંગડિયામાંથી બે ભાગ પડયા હતા.

આ પૈકી રૂ.૧.૪૦ કરોડનો ભાગ ઋષિએ પોતાના વડોદરાના મકાને મોકલ્યો હતો.જ્યારે,રૂ.૬૦ લાખનો બીજો ભાગ કોણ લઇ ગયું તે તપાસનો વિષય છે.પોલીસનું કહેવું છે કે,આ રકમ બે જ મિનિટમાં કોઇ વ્યક્તિ લઇ ગઇ હતી.જેથી ઋષિ જ તે મુદ્દે કાંઇ કહી શકશે.

કોટાના મંદિર દ્વારા સાળંગપુરના શતામૃત મહોત્સવ નિમિત્તે દાનની અપીલ કરવામાં આવી હતી.

અમદાવાદમાં IT વિભાગનો સપાટો, હોટલ અને ડેરી વ્યવસાય સાથે સંકળાયેલા ગ્રુપ પર ૧૩ સ્થળોએ દરોડા

અગાઉ બિલ્ડર અને જ્વેલર્સ ગ્રુપ પર દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી

અમદાવાદ,

ગુજરાતમાં આવકવેરા વિભાગ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. શહેરના હોટલ અને ડેરીના વ્યવસાય સાથે સંકળાયેલા ગ્રુપ પર આવકવેરા વિભાગે દરોડા પાડ્યા છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ ગોપાલ ડેરી અને રીવર વ્યુ હોટલ પર આ દરોડા પાડવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે અગાઉ આવકવેરા વિભાગ દ્વારા બિલ્ડર લોબી અને જ્વેલર્સને ગ્રુપ પર દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી.

ગુજરાતમાં એક તરફ લોકસભા ૨૦૨૪ની ચૂંટણીનો માહોલ છે ત્યારે આવકવેરા વિભાગ શહેરમાં એક્શન મોડમાં આવ્યું છે. અમદાવાદ આવકવેરા વિભાગની ટીમ દ્વારા આ દરોડા પાડવામાં આવ્યા છે. ગોપાલ ડેરી અને વ્યુ હોટલ પર દરોડા પાડવામાં આવ્યા છે. શહેરના આશ્રમ રોડ સહિતના વિસ્તારમાં આવેલા સ્થળોએ આવકવેરા વિભાગની ટીમ ત્રાટકીને કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ ગ્રુપના સંચાલક રાજુ ઉર્ફે નીશિત દેસાઈ, ગૌરાંગ દેસાઈ અને અન્ય ભાગીદારોની ઓફિસો, ઘરોમાં પણ આવકવેરા વિભાગની ટીમે દરોડા પડ્યા છે. શહેરમાં કુલ ૧૩ સ્થળો પર દરોડા અને સરવેની કામગીરી કરવામાં આવી રહી છે.

આઈટીની ટીમ દ્વારા શહેરના વિવિધ ૧૩ સ્થળોએ દરોડાની કાર્યવાહી કરી છે. આ અચાનક દરોડાની કાર્યવાહીથી હોટલ અને ડેરી ઉદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગપતિઓ અને વેપારીઓમાં પણ ફફડાટ ફેલાયો છે.

ઉલ્લેખનીય છે કે આ દરોડાની કાર્યવાહીમાં અંદાજે ૭૫થી વધુ અધિકારીઓ તપાસમાં જોડાયા છે. આ ઓપરેશન દરમિયાન બેનામી વ્યવહાર અને કાળુનાણું મળે તેવી શક્યતાઓ પણ છે.

અગાઉ આઈટી વિભાગે અમદાવાદ અને રાજકોટમાં બિલ્ડરો અને જ્વેલર્સના ગ્રુપ પર દરોડા પાડ્યા હતા. આ ઉપરાંત ગાંધીનગરમાં પણ દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી.

સુરતના પ્રાણી સંગ્રહાલયમાં માંસાહારી પશુઓ સાથે પક્ષીઓના પિંજરામાં આકરી ગરમી શરૂ થતાં ફુવારા મુકાયા

હોળી બાદ જ આકરી ગરમી શરુ થતાં લોકો સાથે પ્રાણીઓની હાલત પણ કફોડી

દીપડા, વાઘ, સિંહ અને રીંછ જેવા માસાહારી પ્રાણીઓ સાથે પક્ષીઓના પિંજરામાં પણ ફુવારા મુકાયા : ફુવારાના કારણે ઠંડક રહેતા પ્રાણીઓ એક્ટિવ થઈ બહાર આવે છે તેથી મુલાકાતીઓને પ્રાણીઓ જોવા મળે છે : આકરી ગરમી છતાં પ્રાણી ખોરાકમાં છતાં પ્રાણીઓનો ખોરાક ઘટાડો નથી થયો

સુરત,

સુરતમાં હોળીનો તહેવાર પુરો થયા બાદ અચાનક ગરમી શરુ થઈ ગઈ છે અને ગરમી માટે એલર્ટ પણ જાહેર કરી દેવામા આવ્યું છે. માર્ચ મહિનો પુરો થાય તે પહેલાં જ મે મહિના જેવી આકરી ગરમી શરુ થઈ ગઈ છે. આકાશમાંથી આગ જેવી આકરી ગરમી શરુ થતાં લોકો સાથે પ્રાણીઓની હાલત પણ કફોડી થઈ રહી છે.

લોકો તો ગરમીથી બચવા માટે વિવિધ પ્રયોગ કરે છે તેની સાથે સુરત પાલિકાએ નેચર પાર્કના પ્રાણીઓ અને પક્ષીઓ માટે ગરમીથી રક્ષણ આપવા ખાસ વ્યવસ્થા કરી છે. પાલિકાના નેચર પાર્કમાં માસાહારી પશુઓ સાથે પક્ષીઓના પિંજરામાં પણ ફુવારા મુકવામાં આવ્યા છે. દિવસ દરમિયાન ચાલતા આ ફુવારાના કારણે ઠંડક રહેતા પ્રાણીઓ એક્ટિવ થઈ બહાર આવે છે તેથી મુલાકાતીઓને પ્રાણીઓ જોવા મળે છે.

આ વર્ષે માર્ચ મહિનામાં આવેલી હોળીનો તહેવાર પુરો થતાની સાથે જ સુરતમાં આકાશમાંથી આગ ઝરતી ગરમી સતત વધી રહી છે અને હવામાન વિભાગે આપેલા એલર્ટ બાદ વધુ ગરમી પડે તેવી શક્યતા છે. આ ગરમીની અસર સુરત પાલિકાના પ્રાણી સંગ્રહાલયમાં પ્રાણીઓને ગરમીથી રાહત આપવા માટે હાલના તબક્કે ઠંડા પાણીના ફુવારા શરૂ કરી દેવામાં આવ્યા છે. પ્રાણીઓ સાથે સાથે હવે પક્ષીઓના પિંજરામાં પણ ફુવારા શરૂ કરી દેવાયા છે. આકાશમાંથી આગ વરસતી ગરમી હોય તેવા બપોરે આકરા તાપ દરમિયાન ફુવારા ચાલતા હોવાથી પ્રાણીઓ અને પક્ષીઓને ગરમીથી રાહત મળી રહી છે.

વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં યુવક પર ચાર શખ્સોનો હુમલો : ભાઈ છોડાવવા માટે વચ્ચે પડતા તેને પણ માર માર્યો

વડોદરા, વડોદરાના નવાયાર્ડ વિસ્તારમાં ચાર શખ્સોએ તલવાર તથા લોખંડના ધારીયા વડે યુવક પર હુમલો કર્યો હતો. યુવકનો ભાઇ છોડાવવા માટે વચ્ચે પડતા તેને પણ ચાર શખ્સોએ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ગંભીર રીતે ઘવાયેલા યુવકને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જેથી ઈજાગ્રસ્ત યુવકના ભાઇએ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

નવાયાર્ડ ચીસ્તીયા મસ્જીદ પાછળ રહેતા જાવેદઅલી મોહમદઅમીખાન પઠાણે ફરિયાદ નોંધાવી છે કે ૨૬ માર્ચના રોજ રાત્રીના સમયે મારા ઘરે પાસે બુમાબમ થતા હુ બહાર આવ્યો હતો. ત્યારે મારા મોટાભાઇ આસીફઅલી ઘરના પાસે કેટલાક શખ્સો ગાળો બોલતા હતા જેથી હુ તેમના ઘર પાસે ગયો હતો ત્યારે સલમામ પઠાણ, અબરાર પઠાણ, જુફ્ફાક પઠાણા, ઈસ્તકાર પઠાણ તલાવર તથા લોખંડનું ધારીયુ લઈને ઉભા હતા. દરમિયાન મારો ભાઇ ઘરની બહાર નીકળતા આ લોકો તેમની સાથે ઝઘડો કરવા લાગ્યા હતા અને તારા લાધે મારી બહેનને તેના ઘરે લઇ જતો નથી તેના ઘરે ઝઘડા થાય છે. જેથી તેમને ગાળો નહી બોલવાનું કહેતા ચારેય જણાએ મારા મારાભાઇ પર આસિફઅલી પઠાણને જાનથી મારી નાખવાની ધમકી આપી તલવાર તથા ધારીયાથી હુમલો કર્યો હતો. જેથી હુ બચાવવા માટે વચ્ચે પડતા મને પણ માર મારી બંને ભાઇઓને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દરમિયાન મારા પરિવાર સહિતના લોકો ભેગા થઇ જતા તેઓ હુમલાખોરો ફરાર થઇ ગયા હતા. મારા ભાઇને ગંભીર રીતે ઇજા પહોંચી હોય સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ફતેગંજ પોલીસે તેમની ફરિયાદના આધારે ગુનો દાખલ કરી હુમલાખોરોને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

ભૌતિક કબ્જા નોટીસ

ICICI Home Finance રજી.ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાન્દ્રા -કુર્લા કોમ્પલેક્ષ, બાન્દ્રા (ઈસ્ટ), મુંબઈ -૪૦૦૦૫૧

કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, જેબી નગર, અંધેરી કુર્લા રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૫૯

શાખા ઓફિસ : ચોથો માળ, ૪૧૦, માઈલસ્ટોન વાઈબ્રન્ટ, એપલ હોસ્પિટલ સામે, ઉધના દરવાજા, સુરત-૩૯૫૦૦૨

આથી સિક્યુરીટાઇઝેશન રિકંસ્ટ્રકશન ફાઈનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ અને સિક્યુરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ ૨૦૦૨ની કલમ ૧૩ (૧૨) તેની સાથે અનુચ્છેદ ૩ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ અહી નીચે સહી કરનાર આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડના સત્તાવાર અધિકારીએ નીચે જણાવેલ લોકોને માંગણા નોટીસ આપી છે. આ નોટીસ આપ્યાથી ૬૦ દિવસની અંદર અહીં દર્શાવેલા નાણા ભરી જવા જણાવવામાં આવે છે.

કરજદારો નાણા ચૂકવવામાં નિષ્ફળ ગયા છે. આથી કરજદારો અને સામાન્ય જનતાની જાણ માટે નીચે જણાવેલા અધિકૃત અધિકારીએ અહી જણાવેલી મિલ્કતનો ભૌતિક કબ્જો લીધો છે જે કલમ ૧૩ (૪) અનુચ્છેદ ૮ સાથે વાંચતા મળેલી સત્તાની રૂએ કાર્યવાહી કરી છે. કરજદારો અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લીમીટેડ પાસે આ મિલ્કત ટાંચમાં હોય કરજદારોએ અને સામાન્ય જનતાએ ટાંચમાં લીધેલ મિલ્કતો સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં.

ક્રમ નં.	દેવાદારોનું નામ /સહ દેવાદારોનું નામ / લોનનો ખાતા નંબર	મિલકતોની વિગતો / ભૌતિક કબ્જાની તારીખ	ડિમાન્ડ નોટીસની તારીખ/ડિમાન્ડ નોટીસમાંની રકમ(રૂા)	શાખાનું નામ
૧	ગુપ્તા રાજેશ દયાશંકર (દેવાદાર) મીરા રાજેશકુમાર ગુપ્તા (સહ દેવાદાર) LHSUR00001404669	પ્લોટ નં.૨૭૫, શ્રી વીલા રેસિડેન્સી વિભાગ, એપલ પૂલ વીલાની બાજુમાં, અરાધના અમ્બેની સામે, હલધરૂ મોટા રોડ, મોજે-મોટા, બ્લોક નં.૧૧૯, સર્વે નં.૭૦, તા.બારડોલી, જી.સુરત, પિનકોડ-૩૯૪૩૪૪. (સંદર્ભ લોન નં.LHSUR00001404669) સિમાબદ્ધઃ ઉત્તરમાં પ્લોટ નં.૨૭૪, દક્ષિણમાં પ્લોટ નં.૨૭૬, પૂર્વમાં સોસાયટી રોડ, પશ્ચિમમાં પ્લોટ નં.૨૬૭ / કબ્જા તારીખ - ૨૭-માર્ચ-૨૦૨૪	૧૬-૦૫-૨૦૨૩ રૂા. ૪૫,૦૪૮.૦૦/-	સુરત-બી
૨	ગુપ્તા રાજેશ દયાશંકર (દેવાદાર) મીરા રાજેશકુમાર ગુપ્તા (સહ દેવાદાર) LHSUR00001404687	પ્લોટ નં.૨૭૫, શ્રી વીલા રેસિડેન્સી વિભાગ, એપલ પૂલ વીલાની બાજુમાં, અરાધના અમ્બેની સામે, હલધરૂ મોટા રોડ, મોજે-મોટા, બ્લોક નં.૧૧૯, સર્વે નં.૭૦, તા.બારડોલી, જી.સુરત, પિનકોડ-૩૯૪૩૪૪. (સંદર્ભ લોન નં.LHSUR00001404687) સિમાબદ્ધઃ ઉત્તરમાં પ્લોટ નં.૨૭૪, દક્ષિણમાં પ્લોટ નં.૨૭૬, પૂર્વમાં સોસાયટી રોડ, પશ્ચિમમાં પ્લોટ નં.૨૬૭ / કબ્જા તારીખ - ૨૭-માર્ચ-૨૦૨૪	૧૬-૦૫-૨૦૨૩ રૂા. ૧૦,૯૩,૯૪૮.૦૦/-	સુરત-બી

ઉપર જણાવેલા કરજદાર(રો)/ જામીનદાર(રો)અહીં બાકી નાણાં પરત કરી જવા માટે ૩૦ દિવસની નોટીસ આપવામાં આવેલ છે, જો નાણાં પરત કરવામાં નહીં આવે તો સિક્યુરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ- ૨૦૦૨ની કલમ ૮ અને ૯ નીજોગવાઈ મુજબ જામીન તરીકે મુકેલી મિલ્કતો આ નોટીસ પ્રસિદ્ધ થયાનાં ૩૦ દિવસ બાદ વેચી દેવામાં આવશે.

તારીખ : માર્ચ ૨૯, ૨૦૨૪
સ્થળ : સુરત

અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ

ICICI Home Finance **કોર્પોરેટ ઓફિસ :** આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ., આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર્સ, અંધેરી – કુર્લા રોડ, અંધેરી(ઈસ્ટ), મુંબઈ –૪૦૦૦૫૯, ભારત

શાખા ઓફિસ : પહેલો માળ, ૧૦૧ અને ૧૦૨, એસપીજી એમ્પ્રેસા, એલ.જી.શોરૂમ સામે, પાસપોર્ટ સેવા કેન્દ્રની બાજુમાં, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા-૩૮૦૦૦૯
શાખા ઓફિસ : ચોથો માળ, ક્રિષ્ના કેપિટલ, બેક ઓફ બરોડા પાસે, ઝાંઝરડા રોડ, જુનાગઢ, ગુજરાત-૩૬૨૦૦૧

(કાયદા નં.૮(૬)ની જોગવાઈ જુઓ)
સ્થાયી મિલકતના વેચાણ માટે નોટિસ

સિક્યુરીટાઇઝેશન રિકંસ્ટ્રક્શન ફાઇનાન્સ એસેટ એન્ડ એનફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઓફ ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨, સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ)કાયદા, ૨૦૦૨ના કાયદા ૮(૬)ની જોગવાઈ સાથે વાંચતા તે હેઠળ સ્થાયી મિલકતોના વેચાણ માટે ઈ–નિલામી નોટિસ

જાહેર જનતા તથા નીચે જણાવેલા દેવાદારો અને જામીનદારોને આપવામાં આવી છે. આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.ના સત્તાવાર અધિકારી દ્વારા ગિરો મુકેલી મિલકતોનો સાંકેતિક કબજો લેવામાં આવેલ છે, આ ગિરો મિલકતોની વિગતો નીચે જણાવામાં આવી છે. આ સ્થાયી ગિરોમિલકતો, જે છે જ્યાં છે, જે છે જેવી છે અને જે કંઈ પણ આધાર છે અને કોઈ પણ આધાર વગર નીચે ટેબલમાં જણાવ્યા મુજબ વેચાણ કરવામાં આવશે.

ક્રમ નં.	દેવાદારોનું/સહ દેવા – દારોનું /જામીનદારો/ કાયદાકીય વારસદારોનું નામ	જામીન મુકેલ મિલકતોની વિગતો અને જાણીતા બોજા સાથે, જો હોય તો	બાકી લેણાં રકમ(રૂા)	અનામત કિંમત બાનાની થાપણ કિંમત	મિલકત નિરિક્ષણની તારીખ અને સમય	ઈ–નિલામિની તારીખ અને સમય
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)	(જી)
૧	એમ એસ કર્મા સ્યુટ્સ એન્ડ વીલાસ એલએલપી (દેવાદાર) રાઓ અલ્પેશ મુકેશભાઈ, સોલંકી હૃદય હરેશ, અનિરૂદ્ધસિંઘ, એમ એસ કર્મા રિસોર્ટસ એન્ડ હોસ્પિટાલિટી એલએલપી (સહ દેવાદાર) લોન ખાતા નં. LHAHW00001419838	ઓફિસ નં.૨૩૨, બીજા માળ ઉપર, ઈસ્કોન એમ્પોરિઓ, સર્વે નં.૧૨૩/પી, ૧૨૪,(જુના વેજલપુર સર્વે નં.૨૧૮), ટી.પી.સ્કીમ નં.૫,૬ અને ફાળવેલ આખરી પ્લોટ નં.૧૯,૨૧, મોજે-ગામ જોધપુર, જી.અમદાવાદ (પાલડી), ગુજરાત-૩૮૦૦૧૫	રૂા. ૭૭,૧૭, ૩૩૯.૦૦/- માર્ચ ૨૬, ૨૦૨૪	રૂા.૭૩,૭૧, ૦૦૦/- રૂા.૭,૩૭,૧૦૦/-	એપ્રિલ ૨૨, ૨૦૨૪ સવારે ૧૧-૦૦ ક્લાકે થી સાંજે ૩-૦૦ ક્લાકની વચ્ચે	મેં ૩, ૨૦૨૪ના રોજ બપોરના ૨-૦૦ થી ૩-૦૦ ક્લાક
૨	પ્રફુલ વિરજીભાઈ ઠક્કર (દેવાદાર) અલકાબેન પી. ઠક્કર (સહ દેવાદાર) લોન ખાતા નં. LHAHZ00001466881 &LHAHZ00001466907	મિલકત ટેનામેન્ટ નં.૧૦, અરાસુરી કો-ઓપ.હા.સો.લિ., સર્વે નં.૪૪૨, ટી.પી. સ્કીમ નં.૨૮, એફ.પી.નં.૭૪૨, ગામ-વાડજ, તા.સાબરમતી, જી.અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૧૩	રૂા. ૬૮,૩૫, ૦૭૨.૦૦/- માર્ચ ૨૬, ૨૦૨૪	રૂા.૧,૦૨,૬૨, ૭૦૦/- રૂા.૧૦,૨૬,૨૭૦/-	એપ્રિલ ૨૨, ૨૦૨૪ સવારે ૧૧-૦૦ ક્લાકે થી સાંજે ૩-૦૦ ક્લાકની વચ્ચે	મેં ૨૩, ૨૦૨૪ના રોજ બપોરના ૨-૦૦ થી ૩-૦૦ ક્લાક
3	પટેલ બસિદ(દેવાદાર), પટેલ સોહેલ બસિર, પટેલ સમા બસિદભાઈ, પટેલ રૂકસાનાબાનુ સોહિલ(સહ દેવાદાર) લોન ખાતા નં.LHJGH00001413345 LHJGH00001413346 LHJGH00001413347	દાનાવલા ચોકની અંદર ઘર, પ્લોટ નં.૪૨પી, સિટી સર્વે નં.૩૬૦૪ પી ઉત્તર બાજુ, શીટ નં.૬૫, તાલુકો ધોરાજી, જી.રાજકોટ, ગુજરાત-૩૬૦૪૧૦	રૂા.૬૩,૩૭, ૬૫૩.૦૦/- માર્ચ ૨૬, ૨૦૨૪	રૂા.૭૧,૦૦, ૨૮૦/- રૂા.૭,૧૦,૦૩૦/-	એપ્રિલ ૨૨, ૨૦૨૪ સવારે ૧૧-૦૦ ક્લાકે થી સાંજે ૩-૦૦ ક્લાકની વચ્ચે	મેં ૩, ૨૦૨૪ના રોજ બપોરના ૨-૦૦ થી ૩-૦૦ ક્લાક

ઓનલાઈન ઈ-નિલામી આપણી ઈ-નિલામી એજન્સી ગ્લોબટેક દ્વારા **(URL Link-/https://BestAuctionDeal.com)** ઉપર યોજવામાં આવશે.
ગીરવેદારોને આગળના વ્યાજ સાથે કુલ બાકી લેણાં રકમ મેં ૦૨,૨૦૨૪ નારોજ સાંજે ૫-૦૦ ક્લાક પહેલાં ચુકતે કરવા માટે આખરી તક આપવામાં આવે છે, અન્યથા ઉપરોક્ત ગીરો મિલકત ઉપરોક્ત અનુસૂચિ પ્રમાણે વેચાણ કરી દેવામાં આવશે.
રસ ધરાવતા બિડરોએ તેમની બાનાની થાપણ કિંમત (ઈએમડી)ની રકમ આરટીજીએસ / ડિમાન્ડ ડ્રાફટ દ્વારા મેં ૦૨,૨૦૨૪ના રોજ સાંજે ૪-૦૦ ક્લાક પહેલાં આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.,પહેલો માળ, ૧૦૧ અને ૧૦૨, એસપીજી એમ્પ્રેસા, એલ.જી.શોરૂમ સામે, પાસપોર્ટ સેવા કેન્દ્રની બાજુમાં, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા-૩૮૦૦૦૯ ખાતે જમા કરાવવાની રહેશે (કોલમ-ઈ જોશો). ખાસ ધ્યાન આપો કે જો રસ ધરાવતા બિડરો ઉપરોક્ત સમય સુધીમાં તેમની ઓફર સબમિટ કરી શકતા નથી તો ટેન્ડર દસ્તાવેજોની સાઈન કરેલી કોપીને મે ૦૨,૨૦૨૪ના રોજ સાંજે ૫-૦૦ ક્લાક પહેલાં આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.,પહેલો માળ, ૧૦૧ અને ૧૦૨, એસપીજી એમ્પ્રેસા, એલ.જી.શોરૂમ સામે, પાસપોર્ટ સેવા કેન્દ્રની બાજુમાં, મીઠાખળી છ રસ્તા પાસે, નવરંગપુરા-૩૮૦૦૦૯ ખાતે સબમિટ કરી શકે છે. બાનાની થાપણ કિંમત (ઈએમડી)નો ડિમાન્ડ ડ્રાફટ (ડીડી) નેશનલાઈઝડ/ શેડ્યુલ બેંકનો આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ.-ઓકશન નામનો પેયેબલ એટ અમદાવાદ, વાડજ, ધોરાજી નો બનાવીને જમા કરાવાનો રહેશે. મિલકત નિરિક્ષણ કે ઈ-નિલામીના નિયમો અને શરતો કે ટેન્ડર ના સબમિશનને લગતી વધુ જાણકારી માટે આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિ. ના સેલ્સ અને માર્કેટિંગ ના ભાગીદાર નેક્ષઝેન સોલ્યુશન્સ પ્રા.લિ.નો ૯૯૨૦૮૦૭૩૦૦ ઉપર સંપર્ક કરી શકો છો. સત્તાવાર અધિકારીને કોઈ જાતના કારણો આપ્યા વિના કોઈ એક બિડ કે દરેક બિડને નકારવાનો સંપૂર્ણ હક છે.
વિગતવાર વેચાણને લગતા નિયમો અને શરતો માટે કૃપા કરી **https://www.icicihfc.com/** ની મુલાકાત લેશો.

તારીખ : માર્ચ ૨૯, ૨૦૨૪
સ્થળ : અમદાવાદ, વાડજ, ધોરાજી

સહીં અધિકૃત અધિકારી
આઈસીઆઈસીઆઈ હોમ ફાઈનાન્સ કંપની લિમિટેડ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ- 2024

✓ આટલું કરીએ

1. GUJCET-2024ની પરીક્ષાનું Admission Card (Hall Ticket) ડાઉનલોડ કરી તેમાં દર્શાવેલ પરીક્ષાનું સ્થળ (Examination Building) જાણીને તે સ્થળ ક્યાં છે તેની જાણકારી મેળવી લઈએ.
2. Admission Card (Hall Ticket)માં દર્શાવેલ પરીક્ષા સ્થળ અને તમારા નિવાસસ્થાન વચ્ચેનું અંતર અને મુસાફરી માટેના સમયની ગણતરી કરી પરીક્ષા સમય પહેલાં પહોંચવાનું સુનિશ્ચિત કરીએ.
3. Admission Card (Hall Ticket)માં "Important Information for GUJCET (Time Schedule)" ધ્યાને લઈ જે તે વિષય માટે પરીક્ષા શરૂ થવાના અડધો કલાક પહેલાં પરીક્ષાખંડમાં પ્રવેશ મેળવી લેવાનો રહેશે.
4. Admission Card (Hall Ticket)માં આપના ગ્રુપ મુજબના વિષયોની પરીક્ષાનો સમય ધ્યાનમાં રાખશો.
5. પરીક્ષાસ્થળમાં પ્રવેશ માટે Admission Card (Hall Ticket)ની સાથે આધાર કાર્ડ/ડ્રાઈવિંગ લાઇસન્સ/ ધોરણ-12ની મુખ્ય પરીક્ષાનું Admission Card (Hall Ticket) ઓળખના પૂરાવા તરીકે લઈ જવાના રહેશે.
6. OMR Sheet (ઉત્તરપત્રિકા)માં પ્રત્યુત્તર માટેની નિયત જગ્યામાં ફક્ત કાળી શાહીવાળી બૉલપેન વડે ● (વર્તુળ) કરવું.
7. પ્રશ્નપુસ્તિકામાં રફકામ માટે નિયત જગ્યા આપવામાં આવેલ હોય છે, તે જ જગ્યામાં રફકામ કરવું.
8. ગણતરી કરવા માટે સાદું ગણનયંત્ર (સાદું કેલક્યુલેટર) વાપરી શકાશે.
9. જે તે વિષયની પ્રશ્નપુસ્તિકાના મુખ્ય પેજ ઉપર છાપવામાં આવેલ "મહત્વની સૂચનાઓ" ધીરજથી અવશ્ય વાંચીને તે મુજબ અનુસરવું.
10. OMR ઉત્તરપત્રિકાની પાછળના ભાગે પ્રત્યુત્તર આપવા માટેની સૂચનાઓ ધ્યાનથી વાંચીને વિકલ્પ આપવાની સાચી રીત મુજબ કોઇ એક જ વર્તુળમાં કાળી શાહીવાળી બૉલપેનથી વર્તુળ ઘાટું (●) કરવાની પદ્ધતિ અનુસરીએ.

✗ આટલું ન કરીએ

1. પરીક્ષા સ્થળ ખાતે કોઈપણ પ્રકારનું સાહિત્ય, ઇલેક્ટ્રોનિક ગેજેટ, સાયન્ટિફિક કેલ્ક્યુલેટર, સ્માર્ટ વૉચ, મોબાઈલ ફોન વગેરે જેવા ઉપકરણો ન લઈ જઈએ.
2. ઉતાવળમાં ભૂલથી પણ મોબાઈલ ફોન સાથે રહી જાય નહિ તેની ચકાસણી પરીક્ષા સ્થળમાં પ્રવેશતાં પહેલાં કરી લઈએ.
3. OMR ઉત્તરપત્રિકામાં જવાબ માટે વર્તુળ કરવા માટે કાળી શાહીવાળી બૉલપેન સિવાય અન્ય કોઈ પેન કે પેન્સિલનો ઉપયોગ ન કરીએ.

સફળતાની શુભકામનાઓ